આદર્શ નિવાસી શાળાઓમાં મંજૂર મહેકમના કેડર તથા ગ્રેડ પે અંગેની સ્પષ્ટતા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૮/૨૭૭૨૧૭(ન.બા.૧૧)/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૩૧/૦૭/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૪/૮૭૫૬૮૯/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૩/૮૧૩૭૦૪/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૮/૬૫૬૩૧૯(ન.બા.૧૧)/ગ

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧),(૨)અને (૩) ના ઠરાવોથી નિયામકશ્રી(અજાક) હસ્તકની અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં જરૂરી મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

સદરહુ મંજૂર થયેલ મહેકમમાં "શિક્ષક" કે "ઉચ્ચતર માધ્યમિક શિક્ષક" ની જગ્યાએ સંવર્ગના ભરતી નિયમો મુજબનું નામાભિધાન "મદદનીશ શિક્ષક(ઉચ્ચતર માધ્યમિક)" કરવા તથા ક્રમાંક: (૧) પરના વિભાગના ઠરાવમાં ગ્રેડ પે માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા.૩૦/૦૪/૨૦૧૫ના ઠરાવમાં "શિક્ષક"ની જગ્યાએ સંવર્ગના ભરતી નિયમો મુજબનું નામાભિધાન "મદદનીશ શિક્ષક(ઉચ્ચતર માધ્યમિક)" વંચાણે લેવાનું રહેશે તથા સદરહુ "મદદનીશ શિક્ષક(ઉચ્ચતર માધ્યમિક)" માટેનો ગ્રેડ પે રૂ.૪૨૦૦/-ને બદલે રૂ.૪૪૦૦/- મુજબનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવમાં "શિક્ષક"ની જગ્યાએ સંવર્ગના ભરતી નિયમો મુજબનું નામાભિધાન "મદદનીશ શિક્ષક(ઉચ્ચતર માધ્યમિક)" વંચાણે લેવાનું રહેશે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના તા.૨૬/૦૯/૨૦૧૯ ના ઠરાવમાં "ઉચ્ચતર માધ્યમિક શિક્ષક"ની

જગ્યાએ સંવર્ગના ભરતી નિયમો મુજબનું નામાભિધાન "મદદનીશ શિક્ષક(ઉચ્ચતર માધ્યમિક)" વંચાણે લેવાનું રહેશે.

ઉક્ત ઠરાવની અન્ય શરતો તે મુજબ લાગુ રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦